ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ક્રમાંક: પરિક્ષા/૪-અ/૫૨૫૪૬/૨૦૨૫ તા. ૦૯/૦૯/૨૦૨૫

**પરિપત્ર: ૨૯૩**

**અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર ત્રણ અને પાંચમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ બાબત**

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બીબીએ તથા બીસીએ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69ની જોગવાઈ મુજબ કોઈપણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ ગુજરાત યુનિવર્સિટીમાં કરવાનું થાય છે. હાલમાં આપની કોલેજ સંસ્થામાં સેમેસ્ટર-૩ તેમજ સેમેસ્ટર-૫માં અન્ય યુનિવર્સિટીમાંથી આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મ ભરવાની કામગીરી કરવા નીચે મુજબની તારીખ પ્રમાણે નિયત પત્રકમાં નિયત ફી અને લેટ ફી સાથે જરૂરી બીડાણો કરીને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા આથી જણાવવામાં આવે છે

| ક્રમ | તારીખ થી | તારીખ સુધી | ફી |
|---|---|---|---|
| ૧ | ૧૧-૦૯-૨૦૨૫ | ૧૬-૦૯-૨૦૨૫ | રૂપિયા ૧૨૫/- (ફોર્મ ફી ૨૫ સાથે) |
| ૨ | ૧૭-૦૯-૨૦૨૫ | ૧૯-૦૯-૨૦૨૫ | રૂપિયા ૧૨૫/- (ફોર્મ ફી ૨૫ સાથે) + લેટ ફી ૫૦૦/- |

સેમેસ્ટર ૧ના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ માટે પરિપત્ર હવે પછી વેબસાઈટ પર મુકવામાં આવશે જેની દરેક લગતા-વળગતાઓએ ખાસ નોંધ લેવી.

**સેમેસ્ટર ૩ અને ૫ના એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે**

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. સદરહુ વિદ્યાર્થીઓ માટે ભરવાના (BLANK) એનરોલમેન્ટ ફોર્મ વેબસાઈટ પરથી મેળવી શકાશે.
3. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ સાથે PEC (પ્રોવિઝનલ એલીજીબ્લિટી સર્ટીફીકેટ) અને ગુણપત્રકોની નકલ ખાસ બીડવી. PEC મેળયા બાદ નિયત સમયમાં FEC મળવી લેવાનું રહશે.
4. સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માટે ઓનલાઈન જનરેટ થયેલ યાદી અને સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ કોલેજોના સહી સિક્કા સાથે નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલય પર જમા કરાવવાનું રહેશે.
5. વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવતા પહેલા પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરેથી કરવાની રહેશે.
6. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ / ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) “કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી”, અમદાવાદના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (Cheque / DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
7. જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણીમાંથી વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

8. આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફોર્મ ફી અલગ અલગ ડ્રાફ્ટ સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી અને ડેવલોપમેન્ટ ફી અંગે અલગ અલગ ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી

9. એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીનું ABC ID, જન્મ સ્થળ, આધાર કાર્ડ નંબર, ધર્મ (Religion), જ્ઞાતિ(Caste), પેટા-જ્ઞાતિ (Sub-Caste), કાયમી સરનામું (Permanent Address), ઈ-મેલ આઈડી, વાલીનો મોબાઈલ નંબર (Parent's mobile number), વાલીનું ઈ-મેલ(Parent's e-mail) જેવી નવી વિગતો ભરવાની રહેશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/ બીબીએ તથા બીસીએ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
3. એકેડેમિક વિભાગ તરફ
4. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
5. પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
6. ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.